

BAOU
Education for All

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી – અમદાવાદ

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# જ્ઞાનગંગા

### ન્યૂઝ લેટર

વર્ષ : 13 અંક : 44 માર્ચ : 2020





# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.
અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.
સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.
સંસ્કારોની સુગંધ મહેકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ ભવ્ય રાષ્ટ્ર નિર્માણ ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ... ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...

# માન. કુલપતિશ્રીનો સંદેશ

સાંપ્રતમાં કોરોનાં વાયરસનાં આક્રમણથી મુક્ત થવા માટે વિશ્વ પ્રયત્નશીલ છે. માનવ નિરોગીતાનાં આ યાજ્ઞિક પ્રયાસોમાં આપણો માનવસમાજ સફળ થાય એ જ પરમને પ્રાર્થના કરું છું. સાથે એ પણ સ્મૃતિમાં રાખીએ કે: જીવનશૈલીમાં અધિક સભાનતા રાખીશું એટલા જ નિરામય રહી શકાય, જાગૃતિપૂર્વકનો માનવીય વ્યવહાર આપણને માણસાઈથી ફળદ્રુપ કરી શકે છે. વૈજ્ઞાનિક અભિગમ સાથે આધ્યાત્મિક જીવની જગતના આનંદ. સુખ, શાંતિનો પાયો ગણાવી શકાય, પાયો જેટલો મજબૂત એટલી જ જિંદગીની ઈમારત બુલંદ બની પ્રેમરસની સરિતાનું વહેણ પ્રગટ કરવા સક્ષમ બને છે.

માણસે પોતાની દિનચર્યામાં માનવીય અજવાળું ઉજાગર થતું રહે એમ જીવવાનો સંકલ્પ કરવો જોઈએ. એના સોપાન એટલે.. મૌન રહી સકારાત્મક વલણ રાખી કાર્યરત રહેવું. સાથી કર્મચારીના માન સાથે કામ લઈ આવનાર માણસને સંતોષ થાય એવો વ્યવહાર. સોંપવામાં આવેલ જવાબદારી નિષ્ઠાપૂર્વક સંપન્ન કરવી અને દિવસના અંતે આનંદ આવે એવા કાર્યસંતોષની અનુભૂતિ થઈ શકે તો જ ભીતરનું અજવાળું ચહેરા ઉપર નૂર થઈ ઝળકે, વર્તનમાં સદભાવ પ્રસરી જાય અને સેતુ રચી શકાય.

આજે શિક્ષણમાં પરિવર્તનનો પવન ફૂંકાયો છે. વૈશ્વિક યુનિવર્સિટીઓ પેપરલેસ થઈ રહી અને આપણે ત્યાં પણ મોટાભાગનું કામ ડીઝિટલ બનતું જાય છે. દરેક કર્મક્ષેત્રોમાં લાઈફ સ્કીલ ધરાવતી વ્યક્તિઓનો સ્વીકાર થઈ રહ્યો છે ત્યારે ખરી કેળવણી માનવની ભીતર છુપાયેલી શક્તિઓનું સરનામું ચીંધી આપે છે. અંતરની સમૃદ્ધિનો ખજાનો પ્રાપ્ત થયા પછી માણસની માણસાઈ મહોરી ઉઠે છે. એ પછી તો જિજ્ઞાસુએ માનવ-સમાજની ઉન્નતી માટે સકારાત્મક બની જઈ પરિશ્રમ કરતા રહેવું પડે છે. દરેક માણસે પોતાના આખા દિવસનું ઓડીટ સાંજે કરવું જેથી સમય કેટલો અણમોલ છે તે સમજી શકાય.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી એ બાબતે સજાગ છે કે આગામી સમયમાં કેવા અભ્યાસક્રમ સર્જીએ જેથી વિદ્યાર્થી શિક્ષણ દ્વારા સ્વાવલંબી બની શ્રેષ્ઠ નાગરિક બને. માટે જ યુનિવર્સિટી ગુજરાતનાં દૂરવર્તી ગામડાંઓ સુધી શિક્ષણ લઇ જવા માટે પરિશ્રમ કરી રહી છે. શિક્ષણ સાથે છાત્રોમાં કલા તરફની નિસ્બત વધે તેનાં પ્રયાસરૂપે નાટક, નૃત્યનાં તજજ્ઞોને યુનિવર્સિટીમાં આમંત્રિત કરવામાં આવે છે. રમત-જગત આજનું ઝડપથી વિકસિત ક્ષેત્ર ગણાય. તેથી યુનિવર્સિટીના આંગણે તેજતૃષા-૨, ખેલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ. મીડિયાનું માધ્યમ આજના વિશ્વના કેન્દ્રમાં હોવાથી યુનિવર્સિટીએ તાજેતરમાં એક ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન સફળ કર્યું. ઉપરાંત યુનિવર્સિટીનાં વિવિધ ડિપાર્ટમેન્ટ દ્વારા અભ્યાસક્રમને પોષક શૈક્ષણિક કાર્યશિબિરો યોજવામાં આવે તે અધિક. સ્ત્રી સશક્તિકરણ અંગે એક દિવસીય સંગોષ્ઠિ અને મહત્ત્વના દિવસોની ઉજવણી કરી એના બીજરૂપ વિચારણા પ્રસાર માટે યુનિવર્સિટી સજાગ છે.

આગામી સમયમાં અમારી યુનિવર્સિટી NAAC માં મૂલ્યાંકન માટે અરજી કરી રહી હોવાથી આ વિષયના નિષ્ણાંતોને પણ યુનિવર્સિટી આમંત્રણ આપી પરામર્શન કરી રહી છે.અદ્યતન ટેકનોલોજીનાં આ સમયમાં ઝડપ વધી પણ કાળપ્રવાહ તો એ જ છે. સમય સાથે ઈમાનદાર, સજાગ રહી, કર્મશીલ બનતા જઈએ તો કર્મફળ પ્રાપ્ત થાય અને આપણને સહજાનંદ મળે છે. અંતમાં દાર્શનિક જે કૃષ્ણમૂર્તિ કહી ગયા તે દર્શન મૂકી મારા વિચારોને વિરામ આપું છું : ' એક ક્ષણથી બીજી ક્ષણ સુધીની જાગ્રત સફર એટલે શિક્ષણ.

કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧

# દેશના દરેક નાગરિકની મૂળભૂત ફરજો

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃધ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપની સમન્વિત સંસ્કૃતિનાં સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવી;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહીત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતુ રહે એ માટે વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતા અને વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી

# વિચારમંચ (તાલીમ સેશન)

‘વિકલ્પ’ અને ‘સાથી’ સંસ્થા દ્વારા કમ્યુનિટી માટેના એન્ટી રેગીંગ પ્રવેશ અને અન્ય સંચાલન અંગેના નિયમો અંગે, સંચાલન કરવા વિશેની એક તાલીમનું આયોજન તા. ૦૨-૦૧-૨૦૨૦ ના દિવસે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદમાં એન્ટી રેગીંગ સમિતિ, SLSC અને MLSC માટે આયોજિત કરવામાં આવેલ. મિટિંગમાં નિયામકશ્રી ડૉ.આવા શુકલા, SLSC કૉ-ઓડિનેટરશ્રી નિગમભાઈ પંડયા, ‘વિકલ્પ’ અને ‘સાથી’ સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ SLSC અને MLSC ના વિભાગના કર્મચારીઓ હાજર રહી આ સમગ્ર વિચારને સમજયા હતા.તમામ સ્ટાફ LGB કમ્યુનિટી પ્રવેશાર્થી સાથે સહકારપૂર્વક વર્તન કરે છે. ‘વિકલ્પ’ અને ‘સાથી’ સંસ્થાએ ઓપન યુનિવર્સિટીના આ કાર્યની સરાહના કરી હતી. આ અભ્યાસની માહિતી ઓપન યુનિવર્સિટી-અમદાવાદની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.









# ભારતીય બંધારણઃ  રાષ્ટ્રની આધારશિલા
(In pursuit of Excellence Lecture Series )

તા.૧૬-૦૧-૨૦૨૦ નાં રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં ગૌતમ હોલમાં “In pursuit of Excellence Lecture Series” અંતર્ગત ભારતીય બંધારણઃ રાષ્ટ્રની આધારશિલા વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. આ વ્યાખ્યાન આપવા માટે યુનિવર્સિટીનાં માનનીય બોર્ડ સભ્ય શ્રી કિશોરભાઈ મકવાણાને આમંત્રણ આપવામાં આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે પૂર્વ આઈ.એ.એસ. અધિકારીશ્રી મહેશ જોશી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી અમીબહેન ઉપાધ્યાય અને યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. દીપ પ્રાગટ્ય અને યુનિવર્સિટીનાં મંગલગાનથી આ કાર્યક્રમનો આરંભ કરવામાં આવેલ હતો.

આ અવસરે મુખ્ય વક્તા શ્રી કિશોરભાઈ મકવાણાએ ‘ભારતીય બંધારણઃ  રાષ્ટ્રની આધારશિલા’ વિષય ઉપર વાત કરતા સંવિધાન વિષે કેટલીક મહત્વની વાતો કહી હતી. રાષ્ટ્રના સુચારુ વ્યવસ્થાપન માટે બંધારણ અતિ મહત્વનું હોય છે. દેશને મજબૂત કરવામાં બંધારણમાં દર્શાવેલા નીતિવિષયક નિયમોનું આચરણ પ્રજાએ કરવું રહ્યું. ભારત દેશમાં આઝાદી પૂર્વે ૫૬૨ રજવાડા હતા પરંતુ તેનું કોઈ બંધારણ હતું નહિ તેથી બંધારણ સમિતિએ કાયદાવિદ્દ બાબાસાહેબ આંબેડકરને બંધારણ સમિતિના અધ્યક્ષ બનાવી કામ સોંપ્યું હતું. ડૉ. બાબાસાહેબે ત્રણ વર્ષ રાતદિવસ સંશોધન, અભ્યાસ કરી દુનિયાનું સૌથી મોટું લેખિત ભારતીય બંધારણ તૈયાર કરી આપ્યું હતું. આ બંધારણ એવું લચીલું છે કે તેમાં ફેરફાર કરી શકાય છે. સુધારા કરીને નાગરિકોને પોષક નિયમો ઉમેરી શકાય છે. ભારતીય બંધારણમાં ૨૫ ભાગ અને ૧૨ પ્રશિષ્ટ છે. આ અવસરે માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ.અમીબહેન ઉપાધ્યાયએ ભારતીય બંધારણની કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓ પોતાના વિચારશીલ વક્તવ્યમાં ઉજાગર કરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. હિમાન્શુભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલું અને કાર્યક્રમની આભારવિધિ ડૉ. પ્રિયાંકીબહેન વ્યાસે કરી હતી.




Member,BOM









## Visit of Dr. Babasaheb Ambedkar Open University

Prof. A. K. Nayak, President, Computer Society of India (CSI) and Er. Niraj Shah, Honorary Treasurer, CSI - Ahmedabad Chapter has visited Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. Dt. 23-01-2020





## બે દિવસીય NAAC કાયશિબિર – (૨૩,૨૪-૦૧-૨૦૨૦)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીના ડાયરેક્ટર અને સ્ટાફ સભ્યો માટે "Understanding of Assessment and Accreditation Process from NAAC" વિષય પર બે દિવસીય વર્કશોપ યોજવામાં આવ્યો હતો. પરીક્ષા નિયામક અને સ્કૂલ ઓફ કોમ્પ્યુટરનાં હેડ પ્રો. ડૉ. નીલેશ મોદીએ અને ડૉ. હિમાંશુ પટેલ દ્વારા NAAC Accreditation Process - પ્રક્રિયાના વિવિધ પાસાઓ અને પધ્ધતિઓ વિષયક વક્તવ્ય આપી સમગ્ર યુનિવર્સિટીનાં સ્ટાફને માહિતગાર કર્યા હતા. NAAC Accreditation Process યુનિવર્સિટીને થતા ફાયદાઓની સમજ આપી હતી.





# ૭૧ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તા. ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૦ આપણા દેશનાં ૭૧માં  ગણતંત્ર દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વકથી કરવામાં આવી. આ અવસરે યુનિવર્સિટીનાં પરિસરમાં માનનીય કુલપતિશ્રી અમીબહેન ઉપાધ્યાયજીની હાજરીમાં રાષ્ટ્રભાવ ધ્વજવંદનનો ઉપક્રમ માન સાથે યોજવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે યુનિવર્સિટીના તમામ સ્ટાફ હાજર રહ્યા હતા. આ ઐતિહાસિક પ્રસંગે UGCની માર્ગદર્શિકા અનુસરીને યુનિવર્સિટીએ "એક ભારત શ્રેષ્ઠ ભારત" (EBSB) શીર્ષક હેઠળ એક ક્લબની સ્થાપના કરી છે, જેમાં યુનિવર્સિટી આ અભિયાનના ભાગ રૂપે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા સૂચવેલ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરશે. આ અભિયાન  ગુજરાત રાજ્ય છત્તીસગઢ સાથે જોડવામાં આવ્યું છે. અને તે જ ઉપક્રમમાં સંયુક્ત રીતે કાર્ય કરશે.

આ સમારોહમાં, અધ્યાપકોએ દેશભક્તિના ગીતો, કવિતાઓનું ગાન કર્યું હતું.  તેમજ સ્વતંત્રતા સંગ્રામની ઘટનાઓને સ્મરણ કરી હતી. BOM ના માનનીય સભ્યશ્રી કુ. દિવ્યાબહેન પટેલે તેમની હાજરીથી આ પ્રસંગની શોભા વધારી હતી. અને સભાને સંબોધન કર્યું હતું. અંતમાં માનનીય કુલપતિ, પ્રો.અમી બહેન ઉપાધ્યાયે તેમના પ્રેરણાદાયી શબ્દોથી સભાને સંબોધન કર્યું હતું.

















# એક ભારત શ્રેષ્ઠ ભારત

ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયની પહેલથી **UGC**એ આરંભ કરેલ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કલબનો શુભારંભ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ૨૬ જાન્યુઆરી- પ્રજાસત્તાક દિવસે વિધિવત કરવામાં આવ્યો હતો. ૨૬ જાન્યુઆરી-૧૯૫૦ના દિવસે અખંડ ભારતનું એક સ્વતંત્ર ભારતીય સંવિધાન અમલમાં મૂકવામાં આવ્યું અને ભારતીય પ્રજા ગર્વ લઈ શકે એવા નાગરિક અધિકારો એમને આપવામાં આવ્યા. ભારતના લોકો આપણી સંસ્કૃતિને સમજે એવા ઉદ્દેશ સાથે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કલબનો શુભારંભ ગણતંત્ર દિવસના અવસરે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માનનીય કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાયએ વિધિવત કર્યો હતો.

**UGC**ના પત્રના નિર્દેશાનુસાર ગુજરાત રાજયને છતીસગઢ રાજયની સાથે સાંકળવામાં આવેલ છે. એ અનુસાર 'એક ભારત શ્રેષ્ઠ ભારત ' કલબનું કાર્ય છતીસગઢ રાજયની કળા,સંસ્કૃતિ,સાહિત્ય, સમાજજીવન, રાજનીતિ વગેરેને વિવિધ માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચતી કરવાના પ્રયત્ન કરવામાં આવશે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કલબના નોડલ ઓફિસર તરીકે ડૉ.અર્ચનાબહેન મિશ્રા કાર્યરત છે.






# શહીદ દિનની ઉજવણી

૩૦ જાન્યુઆરી દેશભરમાં શહીદ દિવસ તરીકે મનાવવામાં આવે છે, તારીખ ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ માં મહાત્મા ગાંધીજીની હત્યા કરવામાં આવી હતી તે અનુસંધાને ગાંધી બાપુના નિર્વાણ દિવસને શહીદ દિન તરીકે ઉજવવામાં આવે છે.

આ દિવસ નિમિત્તે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં ગૌતમ હોલમાં ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી સ્વતંત્ર ભારતના શહીદોને યાદ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. સદર કાર્યક્રમમાં માનનીય વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે ગાંધીજીના વિચારો પ્રગટ કર્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીનાં નિયામકશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ દ્વારા ગાંધી-જીવનના પ્રેરણાદાયી પ્રસંગોની વાત કરવામાં આવી હતી.














ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કશ્યપ હોલમાં તા.૨૯-૧-૨૦ ના રોજ શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા પ્રસ્તુત 'ભારત ભાગ્ય વિધાતા' મહાત્મા ગાંધીજીના જીવન પર આધારિત નાટકનો શો રાખવામાં આવેલ હતો. સાંજના ૬;૩૦ થી આરંભ થયેલ આ નાટકને નિહાળવા યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ અને બોર્ડ સભ્યશ્રીઓ પણ પધારેલ હતા. નાટકના સમાપન પછી દરેક કલાકારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસરે માનનીય કુલપતિશ્રી ડૉ.અમીબહેને બધાને ગાંધીજીવન દર્શનને આત્મસાત કરવાની વાત કરી હતી.

તા.૩૦-૧-૨૦૨૦ શહીદ સ્મૃતિદિવસ અને ગાંધીનિર્વાણ દિવસના અવસરે ગૌતમ હોલમાં કાર્યક્રમ રાખેલો તેમાં ગાંધીજીનાં જીવન વિષયક મનનીય વકતવ્ય ગુજરાતી વિભાગાધ્યક્ષ ડૉ.યોગેન્દ્ર પારેખ દ્વારા આપવામાં આવેલ. એ પછી ડૉ.ખ્યાતિબહેને શહીદો ઉપર વાત કરી અને ડૉ.દીગિશભાઈએ શહીદો ઉપરની એક કવિતાનું ભાવવાહી સ્વરમાં પઠન કર્યું હતું. ડૉ.દિનુભાઈ ચુડાસમાએ ગાંધીજીના વ્યક્તિત્વને સંવાદના માધ્યમથી રજૂ કર્યું હતું. આ પ્રસંગે કાર્યકારી કુલસચિવશ્રી ભાવિનભાઈ ત્રિવેદીએ રાષ્ટ્રપ્રેમની કવિતાનું ભાવવાહી સ્વરમાં ગાયન કરી બધાને ભાવુક કર્યા હતા.


સમાપનમાં પ્રાસંગિક વાત કરતા યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ.અમીબહેને શહીદોને યાદ કરી આપણે એમનું ઋણ કેવી રીતે ચૂકવી શકીએ એવો સવાલ ઊભો કરી જવાબમાં કહ્યું કે આપણે પણ દેશહીતના કાર્યોમાં નિષ્ઠાપૂર્વક આપણને સામેલ કરીને આપણું પ્રદાન આપી શકીશું. તેમજ ગાંધીજી એક વિચાર છે અને વિચારનું મૃત્યુ હોતું નથી એમ કહી બધાને ગાંધી ચિંધ્યા રાહે ચાલવાની પ્રેરણા આપી હતી.અંતમાં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.








aheb Ambedkar Open University






aheb Ambedkar Open University




## ૧૬ જાન્યુઆરી, ૨૦૨૦ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૦

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં* UGC *પત્રક્માંક* D. O. NO. 14-5 / 2016 (CPP-11) *તા. ૦૩-૦૧-૨૦૨૦ અનુસાર તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૦ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૦ સુધી સ્વચ્છતા પખવાડાની ઉજવણી કરવામાં આવી.*

*ભારત સરકારના સ્વચ્છતા અભિયાનને સાર્થક કરતા આ પ્રકલ્પ અન્વયે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીમાં વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગુજરાતભરના વિદ્યાર્થી તથા અધિકારી-કર્મચારીગણએ ઉત્સાહભેર ભાગ લીધો. આ સ્વચ્છતા પખવાડાની ઉજવણીનો અહેવાલ પ્રસ્તુત છે.*

# પ્રવૃત્તિ : સ્વચ્છતા પ્રતિજ્ઞા

*સ્વચ્છતા પખવાડાના પ્રથમ દિવસે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સ્વચ્છતા પ્રતિજ્ઞા અનુસાર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી.*









# પ્રવૃત્તિ : વૃક્ષારોપણ

*સ્વચ્છતા પખવાડાના સંદર્ભમાં એક દિવસે યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં વધુ ઓક્સિજન આપતા અને વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડને ઓછું કરતા છોડનું રોપણ યુનિવર્સિટી પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવ્યું. વૃક્ષો અધિક પ્રાણવાયુ આપે છે. તેનું મહત્વ આજના સંદર્ભમાં સમજાયું હતું.*














## પ્રવૃત્તિ : પરિસર સ્વચ્છતા કાર્યક્રમ

આ પ્રવૃત્તિ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધિકારી, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા જ્યોતિર્મય પરિસરની સફાઈ આદરવામાં આવી. જેમાં આસપાસની સફાઈના ભાગરૂપે પોતાના વિભાગની આસપાસ સફાઈ કરવામાં આવી. આ ઉપરાંત યુનિવર્સિટીના વિવિધ અભ્યાસકેન્દ્રો પર પણ સફાઈની પ્રવૃત્તિઓ કરવામાં આવી.








## સ્પર્ધા : સ્લોગન લેખન સ્પર્ધા

*આ દિને સ્વચ્છતા વિષય પર સ્લોગન લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.*







## સ્પર્ધા : પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન

આ દિવસેના ઉજવણીના ભાગરૂપે ’પર્યાવરણ સંરક્ષણ’ વિષય પર વિદ્યાર્થીઓ દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન  રજૂ કરવામાં આવ્યાં. જેમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ વિષે વિદ્યાર્થીઓએ તેમના વિચારો પ્રદર્શિત કર્યા હતા.







## સ્પર્ધા : વકતૃત્વ સ્પર્ધા

**સ્વચ્છતા પખવાડા અંતર્ગત આ દિવસે 'પાણી સંરક્ષણ' વિષય પર વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો. આ સ્પર્ધામાં પાણીના સંરક્ષણ માટેના વિવિધ આયોજનો અને નવીન વિચારો મૂકવામાં આવ્યાં.જયારે યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા તથા સ્પર્ધાના નિર્ણાયકો દ્વારા અંતમાં વિદ્યાર્થીઓને વિષય અનુરૂપ માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું.**










## પ્રવૃત્તિ : ફિલ્મ દર્શન

*આ પ્રવૃત્તિ અન્વયે સ્વચ્છતા જાગૃતિ માટે લઘુફિલ્મોને ગૌતમ સભાગૃહમાં પ્રદર્શિત કરવામાં આવી. જેમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને કર્મચારીગણે ઉપસ્થિત રહી ફિલ્મ નિહાળી.*









## સ્પર્ધા : પોસ્ટરમેકિંગ સ્પર્ધા

આ દિવસે 'વન સંરક્ષણ' વિષય પર પોસ્ટરમેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જે અન્વયે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા વિષય અનુરૂપ સુંદર ચિત્રોની રચના કરવામાં આવી.









## પ્રવૃત્તિ : જાહેર માર્ગ સફાઈ

આ પ્રવૃત્તિ અન્વયે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કર્મચારીઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર માર્ગની સફાઈ કરવામાં આવી.









## સ્પર્ધા : Best out of Waste

આ સ્પર્ધામાં વિવિધ બિનઉપયોગી વસ્તુઓ દ્વારા વિવિધ જરૂરિયાતની દ્રષ્ટિએ ઉપયોગી વસ્તુઓ તથા સુશોભન સામગ્રીઓ બનાવવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા નવા વિચારો અને નવીન ખ્યાલને પ્રદર્શિત કરવામાં આવ્યાં.









# પ્રવૃત્તિ : 'વૃક્ષોનું ગાન' વિષય પર નાટ્ય વાચિકમ

'વૃક્ષોનું ગાન' વિષય અન્વયે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં 'વૃક્ષોનું ગાન' નાટકનું વાચિકમ કરવામાં આવ્યું તથા 'વૃક્ષો બચાવો'ના ખ્યાલ અન્વયે કાવ્યપઠન પણ કરવામાં આવ્યું.









# પ્રવૃત્તિ : સ્વચ્છતા જાગૃતિ રેલી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીની આગેવાની હેઠળ છારોડી ગામને આવરી લઈ તે વિસ્તારમાં 'સ્વચ્છતા જાગૃતિ' રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, કર્મચારીગણ અને વિદ્યાર્થીઓએ સાથે મળી રેલીમાં ઉત્સાહભેર ભાગ લઈ સ્વચ્છતા વિશે જાગૃતિ ફેલાવવાના સફળ પ્રયત્ન કર્યા.










# પ્રવૃત્તિ : સ્વચ્છતા જાગૃતિ રેલી












## પ્રવૃત્તિ : સ્વચ્છતા વિષય અન્વયે ચર્ચાસભા (તા.૩૦/૦૧/૨૦૨૦ )

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તથા કર્મચારીગણ દ્વારા સ્વચ્છતા જાગરૂકતા વિષય અન્વયે એક ચર્ચાસભા યોજવામાં આવી. જેમાં મહાત્મા ગાંધીના વિચારો, રોજીંદા જીવનમાં સ્વચ્છતા માટે ઉપયોગી સૂચનો તથા આ અંગે વિવિધ મંતવ્યો પણ રજૂ કરવામાં આવ્યાં.







## પ્રવૃત્તિ : સમાપન અને ઈનામ વિતરણ કાર્યક્રમ (તા.૩૧/૦૧/૨૦૨૦)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના વડપણ હેઠળ, તેમના આશીર્વચન સાથે સ્વચ્છતા પખવાડિયાનો સમાપન કાર્યક્રમ સંપન્ન થયો. જેમાં આયોજિત થયેલ વિવિધ સ્પર્ધાઓ અંતર્ગત ઈનામ વિતરણ કરવામાં આવ્યું તથા સહભાગી થનાર સ્પર્ધકોને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું. આ સાથે સ્પર્ધાઓના ચિત્રો અને કલાકૃતિઓની પ્રદર્શની ગોઠવવામાં આવી, જેનો સમાપન બેઠકમાં હાજર રહેનારે આનંદ ઊઠાવ્યો.











# વિજેતા સ્પર્ધકોની યાદી

## સ્લોગન લેખન સ્પર્ધા

| વિજેતા ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ |
|---|---|
| 1ST Rank | શેખ અફસીન |
| 2nd Rank | સોલંકી મનહર |
| 3rd Rank | પરમાર રાજેન્દ્ર એન. |
| 3rd Rank | આરતી ગજેરા એ. |

## પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધા

| વિજેતા ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ |
|---|---|
| 1ST Rank | પંડ્યા અભિષેક એમ. |
| 2nd Rank | કાઝી રૂબીના આર. |
| 3rd Rank | પ્રજાપતિ હેતલ એમ. |

## વકતૃત્વ સ્પર્ધા

| વિજેતા ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ |
|---|---|
| 1ST Rank | રાઠોડ મનીષા પી. |
| 2nd Rank | પંડ્યા જિજ્ઞા આર. |
| 3rd Rank | શેખ અફસીન |
| 3rd Rank | ઠાકોર રાજુ બી. |

## પોસ્ટરમેકિંગ સ્પર્ધા

| વિજેતા ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ |
|---|---|
| 1ST Rank | ચટવાની નિધિ |
| 2nd Rank | ત્રિવેદી શિવાંગી એમ. |
| 2nd Rank | દરજી રીકલ આર. |
| 3rd Rank | ઠાકોર રાજુ |
| 3rd Rank | રાઠોડ મનિષા |
| 3rd Rank | ગુપ્તા મોનિકા એમ. |

## Best out of Waste સ્પર્ધા

| સ્પર્ધક વિજેતા ક્રમ | વિજેતા સ્પર્ધકનું નામ |
|---|---|
| 1ST Rank | શાહ હેમંત એ. |
| 2nd Rank | બ્રહ્મભટ્ટ ગૌતમ એસ. |
| 3rd Rank | પંડ્યા જિજ્ઞા આર. |
| 3rd Rank | મોચી પ્રિયંકા |

# અભ્યાસકેન્દ્ર પર યોજાયેલ પ્રવૃત્તિ

**અભ્યાસકેન્દ્ર કોડઃ ૧૧૦૬ અભ્યાસકેન્દ્ર નામઃ સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ**

**સ્વચ્છતા પખવાડા અંતર્ગત અભ્યાસકેન્દ્ર કોડઃ ૧૧૦૬ઃ સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ ખાતે અભ્યાસકેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષો બચાવો અભિયાન અંતર્ગત ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં અભ્યાસકેન્દ્રના વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.**









## અભ્યાસકેન્દ્ર કોડઃ ૧૩૧૦ -અભ્યાસકેન્દ્ર નામઃ સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા

*સ્વચ્છતા પખવાડા અંતર્ગત અભ્યાસકેન્દ્ર કોડઃ ૧૩૧૦ સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા ખાતે અભ્યાસકેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા શેરીમાર્ગોની અને શાળાની સ્વચ્છતા કરવામાં આવી હતી. આ નિમિત્તે સ્વચ્છતા જાગૃતિ પ્રસાર રેલી કાઢવામાં આવી હતી.*











# ગ્રંથાલય કોર્નર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં પુસ્તકાલય અને માહિતી વિભાગ તેમના વિદ્યાર્થીઓને પુસ્તકાલય સંચાલનનો અનુભવ પ્રદાન કરવા માટે એક પ્રશિક્ષણ વર્કશોપ યોજાયો હતો. ડિસ્ટન્સ મોડમાં અભ્યાસ કરતા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની વિવેકાનંદ લાઈબ્રેરીની કાર્યપદ્ધતિઓ અને સંચાલન વિશે માહિતી આપવામાં આવી હતી.









ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં ગ્રંથાલયમાં ''લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ'' વિષયનાં BLIS અને MLIS અભ્યાસક્રમનાં પ્રેક્ટીકલ કાર્યમાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે આ વિષયના તજજ્ઞશ્રી છગનભાઈ ભૈયાને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સંતોષકારક માર્ગદર્શન આપ્યું હતું.





વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં ગ્રંથાલયમાં માતૃભાષા ગુજરાતી સાહિત્યના ઉત્તમ પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું.





# परिचयाख्या एकदिवसीया राष्ट्रियपत्राचारकार्यशाला

તા. ૦૩ ફેબ્રુઆરી,૨૦૨૦ને સોમવારના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સિઝના સંસ્કૃત વિભાગ દ્વારા એક દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન થયું.સવારે ૯:૦૦ કલાકે રજિસ્ટ્રેશનની શરૂઆત થઈ. કુલ ૧૯ રજિસ્ટ્રેશન નોંધાયા, જેમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં ૩ અધ્યાપકોએ પણ ભાગ લીધો. કાર્યશાળાના અધ્યક્ષસ્થાને યુનિવર્સિટીના કુલપતિ આદરણીય પ્રો.ડૉ.અમીબહેન ઉપાધ્યાય તેમજ મુખ્ય અતિથિરુપે સંસ્કૃત સંવર્ધન પ્રતિષ્ઠાન, દિલ્હીના નિયામકશ્રી પ્રો.ડૉ.ચાઁદકિરણ સલુજા ઉપસ્થિત હતા.યુનિવર્સિટીના કુલસચિવ તેમજ સંસ્કૃત ભારતીના પશ્ચિમ ક્ષેત્ર સંઘટન મંત્રી શ્રી હિમાંજય પાલીવાલથી મંચ શોભાયમાન થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપક ડૉ. આનંદ પંડ્યા દ્વારા કરવામા આવ્યું. લગભગ ૧૦:૩૦ કલાકે બોર્ડરૂમ-૨ માં દીપપ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો. યુનિવર્સિટી ગીત સાથે જ ઉદ્ઘાટન સત્રનો આરંભ થયો. યુનિવર્સિટીના આદરણીય કુલપતિ અને કુલસચિવશ્રીએ મંચસ્થ અતિથિઓનું ખેસ, તુલસીના છોડ અને પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.સંસ્કૃત ભારતીના કાર્યકર્તા શ્રી નીતિનભાઈ આચાર્યએ સમગ્ર કાર્યશાળાની રૂપરેખા આપી. પ્રો.ડૉ.ચાઁદકિરણ સલુજાના પ્રાસ્તાવિક ઉદ્બોધન બાદ યુનિવર્સિટીના કુલપતિશ્રીએ કાર્યશાળાનાં શૈક્ષણિક હેતુ વિશે વાત કરી પ્રસન્નતા પ્રગટ કરી હતી.. ઉદ્ઘાટન સત્રના અંતે યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપિકા શ્રી ખૂશ્બુ મોદીએ શાબ્દિક અભિવાદન કર્યું હતુ.

વિશિષ્ટ અતિથિ તરીકે આમંત્રિત પ્રો.ડૉ.ચાઁદકિરણ સલુજા અને શ્રી હિમાંજય પાલીવાલના પ્રાસંગિક ઉદબોધન દ્વારા "દ્વિતીય સોપાન પરિચય" વિષયને દિશાસૂચન મળ્યું. સંમેલનના બીજરૂપ વક્તા એવા માનનીયશ્રી પ્રો.ડૉ.ચાઁદકિરણ સલુજાના બીજરૂપ વક્તવ્યથી સૌ આનંદિત થયા. એમના દ્વારા સંસ્કૃત ભાષા દરેક વ્યક્તિ સુધી કેવી રીતે પહોંચી શકે અને પત્રાચાર સામગ્રી કેવી રીતે તૈયાર કરવી વગેરે જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા થઈ તેમજ દૃશ્ય અને શ્રાવ્ય સામગ્રી દ્વારા વિષયની પ્રસ્તુતિ કરી ઉચિત માર્ગદર્શન આપવામાં આવ્યું.




प्रो. अमी उपाध्याय
कुलपतिः


'परिचयाख्या' एकदिवसीया राष्ट्रिय
मार्गदर्शक
०३ फेब्रुअरि, २०२०




डॉ. मार्विनः त्रिवेदी
कुलसचिवः



# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં "મીડિયા, સંસ્કૃતિ અને વિકાસ : સમસ્યાઓ અને સંભાવનાઓ" વિષય પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં મીડિયા, સંસ્કૃતિ અને વિકાસ : સમસ્યાઓ અને સંભાવનાઓ વિષય પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સ્કૂલ ઓફ હ્યુમેનીટીઝ અને સોશિયલ સાયન્સીઝ દ્વારા તા.૦૭ અને ૦૮ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ 'મીડિયા, સંસ્કૃતિ અને વિકાસ : સમસ્યાઓ અને સંભાવનાઓ' વિષય પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ.

આજના સમયમાં જ્યારે મીડિયાના વિવિધ રૂપ ચારેતરફ પ્રસરી આપણા જનમાનસને પ્રભાવિત કરી રહ્યાં છે ત્યારે આ ક્ષેત્ર આપણી જીવનશૈલીને પણ પ્રભાવિત કરવા સક્ષમ છે અને તેથી લોકોની માનસિકતા તથા પેઢીઓના વ્યવહારમાં બદલાવ આવી રહ્યો છે, જેથી આ વિષય આજના પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત છે.

તા. ૦૭ ફેબુઆરી, ૨૦૨૦ના આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સની ઉદ્ઘાટન બેઠકમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયની સાથે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, સમાચાર ચેનલ ૧૮ના 'ગ્રુપ કન્સલ્ટીગ એડિટર અને મેનેજીંગ ડાયરેક્ટર શ્રી બ્રિજેશ કુમાર સિંગ, મીડિયા સ્પોકપર્સન તથા યુનિવર્સિટીના સર્વોચ્ચ સત્તામંડળના સભ્ય શ્રી જયેશ વ્યાસ અને એશિયા-પેસેફિક ડેવલોપમેન્ટ એન્ડ કોમ્યુનિકેશન સેન્ટરના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીપીટર ચેન પણ ઉપસ્થિત હતા. આ તજજ્ઞોએ સમૂહમાધ્યમોના ઉદ્ભવની ભૂમિકાથી લઈ આજના સમયમાં તેની તેજગતિ અને તેના પ્રભાવથી ઉત્પન્ન થતી વિવિધ અસરો અને સમસ્યાઓની એક ઝલક આપી.

આ બે-દિવસીય કોન્ફરન્સમાં ૩૦૦થી વધુ શોધપત્ર પ્રસ્તુત થયા, તેના પ્લેનરી બેઠકમાં દેશ અને વિદેશના ઉચ્ચ પદો પર નિયુક્ત અનુભવસિદ્ધ મીડિયાના તજજ્ઞોએ શોધપૂર્ણ વ્યાખ્યાનથી સૌને લાભાન્વિત કર્યા. આ દિવસે કોન્ફરન્સમાં ટી.ટી.શ્રીકુમાર, પ્રોફેસર, દ.ઇંગ્લિશ એન્ડ ફોરેન લેંગ્વેજ યુનિવર્સિટી, હૈદરાબાદ, પ્રો. તપન મોહલી, ડીન અને અધ્યક્ષ, સેન્ટર ફોર સોશ્યો લીગલ સ્ટડીઝ નેશનલ લો યુનિવર્સિટી, ભોપાલ; પ્રો. અરવિંદ સિન્હા, સલાહકાર, સી.ડી.એમ.સી.-એમ.આઈ.સી.એ, અમદાવાદ અને શ્રી સતીશ રાય, ડાયરેક્ટર એન્ડ ઈન્ટરનેશનલ કોઓર્ડીનેટર, આઈ.ડી.સી.એ.ના અનુભવ અને જ્ઞાનનો લાભ સૌને મળ્યો. આ દિવસે આયોજિત ચર્ચા-બેઠકમાં સાંપ્રત વિષયો પર તજજ્ઞો અને શોધાર્થીઓ વચ્ચે સ્વસ્થતાપૂર્વક ગહન ચર્ચાઓ થઈ. પેનલ ડિસ્કસનમાં શ્રી જયેશ વ્યાસ, શ્રી સુધીર રાવલ, શ્રી અજય ઉમટ, પ્રો. કે.જી.સુરેશ તથા શ્રી આશુ પટેલ જેવા મીડિયા તજજ્ઞ સામેલ થયા.

તા.૦૮ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ પ્લેનરી સત્રમાં પ્રો. જયંત સોનવાલકર, કુલપતિ, એમ.પી.ભોજ યુનિવર્સિટી, મધ્યપ્રદેશ; પ્રો. સી. પી. સિંહ, ખ્યાતનામ પત્રકાર; પ્રો. મૃણાલ ચેટર્જી, રીજનલ ડાયરેક્ટર, આઈ.આઈ.એમ.સી, ઓરિસ્સા પ્રો. યોસ્સી શેન, પ્રોફેસર તેલ અવીવ, ઈજરાઈલ અને શ્રી અશોક શ્રીવાસ્તવ, પત્રકાર , ડી.ડી.ન્યૂઝ, નવી દિલ્હીના વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન થયા. આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ૫૦૦ જેટલા રજીસ્ટ્રેશન થયા તથા દેશના કુલ ૧૮ રાજ્યોના પ્રતિનિધિઓ સામેલ થયા. અહીં વિશ્વના ૧૪ દેશના ગણમાન્ય મીડિયા ક્ષેત્રના વ્યક્તિઓ, વિદ્વાનો, વિષય તજજ્ઞો, સંશોધકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સહભાગી થયાં અને આ કોન્ફરન્સને સફળ કરવામાં પોતાનો ફાળો આપ્યો.


Dr. Babasaheb Ambedkar










Dr. Babasaheb
(Established by Government of Gujarat)
International Conference
on
“Media, Culture and Development:




“Media, Culture
Issues and
Organized by :

# MOU

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- અમદાવાદ અને વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી- કોટા વચ્ચે સહકાર અને એકેડેમિક, સંશોધન અને શૈક્ષણિક આદાનપ્રદાનની પ્રગતિ માટે બંને યુનિવર્સિટીઓ વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.





ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને રશિયાની આસ્ટ્રકન સ્ટેટ યુનિવર્સિટી વચ્ચે શૈક્ષણિક પ્રવૃત્તિઓનાં આદાન-પ્રદાન માટે MOU કરવામાં આવ્યા.









તા. ૦૪/૦૩/૨૦૨૦નાં રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે અનુક્રમે ૧. શિશુવિહાર સંસ્થા ભાવનગર, ૨. ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લિવિંગ વિથ HIV/AIDS (GSNP+) સુરત, ૩. અંધજન મંડળ અમદાવાદ ૪. શ્રી વિદ્યામંદિર ટ્રસ્ટ-પાલનપુર સાથે સ્પેશીયલ મોડલ લર્નર સપોર્ટ સેન્ટર અંતર્ગત MOU કરવામાં આવ્યા. આ ચારેય સંસ્થાઓ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે મળીને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા છેવાડાના લોકો અને HIV/AIDS ગ્રંશિત તેમજ દિવ્યાંગજનો માટે વ્યાવસાયિક કાર્યક્રમોનું આયોજન કરશે. આ MOUમાં ઉપરોક્ત તમામ સંસ્થાઓના પ્રતિનિધિ હાજર રહ્યા હતા.







# માતૃભાષા દિવસની ઉજવણી

તા.૨૧ ફેબ્રુઆરીનો દિવસ સંયુકત રાષ્ટ્રએ માતૃભાષા દિવસ તરીકે જાહેર કરેલ છે. આ દિવસના પરિપ્રેક્ષ્યમાં તા.૨૦ ફેબ્રુઆરીના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલમાં કર્મચારી પરિવાર દ્વારા માતૃભાષા ગુજરાતીનો મહિમા ઉજવણી — કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ ઉજવણીમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડૉ.અમીબહેન ઉપાધ્યાય, રજીસ્ટારશ્રી ભાવિનભાઈ ત્રિવેદીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

માતૃભાષાનો મહિમા — માતૃભાષા તરફનો અસીમ અનુરાગ પ્રગટ કરવાના ભાગરૂપ કાર્યક્રમનો શુભારંભ યુનિવર્સિટીના ગીતથી થયો હતો. એ પછી યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ડૉ. હેતલબહેન ગાંધીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી માતૃભાષાનો મહિમા રજૂ કર્યો હતો. માતૃભાષા વંદનામાં વધારે કર્મચારી ઓ પોતાના ભાષાપ્રેમને પ્રગટ કરે એ માટે દરેક કર્મચારીઓને બે મિનિટનો સમય ફાળવવામાં આવેલ હતો. પોતાના ભાષાભાવને મંચ પરથી અભિવ્યકત કરવા માટે યુનિવર્સિટી ના મુખ્ય ગ્રંથપાલ ડૉ. પ્રિયાંકીબહેન વ્યાસએ ગુજરાતી ભાષાના લોકાભિમુખ ગીતોની પ્રસ્તૃતિ કરી હતી. માતૃભાષા ઉજવણીનો માહોલ બંધાય ગયા પછી રાણાસાહેબ, ડૉ.સોનલબહેન ચૌધરી, ઉર્વિકાબહેન પટેલ, પરેશભાઈ પરમાર, અભિજિતભાઈ, ગ્રંથાલયમાં ઈન્ટરશીપ કરતા વિદ્યાર્થીઓએ માતૃભાષા તરફના આદરને વ્યકત કર્યો હતો

કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીગણમાંથી ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી ડૉ.યોગેન્દ્ર પારેખએ મૂલ્યવાન વિચાર આપ્યો કેઃ ‘આપણે માતૃભાષા પ્રેમનું આચરણ કરવા માટે આપણી ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયેલા પુસ્તકો ખરીદીને પ્રસંગાનુસાર ભેટ આપવા જોઈએ. દરેક ગુજરાતી એક વર્ષમાં બે પુસ્તક ખરીદે એક પોતાના સ્વજનને ભેટ આપે અને બીજું ભાવપૂર્વક વાચન કરે. માતૃભાષાના પુસ્તકોનો પ્રચાર, પ્રસાર થશે તો ગુજરાતી ભાષા વિકસિત થતી રહેશે.’

ઇ.ચા. રજીસ્ટારશ્રી ભાવિનભાઇ ત્રિવેદીએ ગુજરાતી ગઝલ વિશે મનનીય વાતો કરી હતી. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડૉ.અમીબહેન ઉપાધ્યાયએ માતૃભાષા પ્રેમ વિશે સંવેદનશીલ વિચારો પ્રગટ કરી ધ્રુવભટ્ટનું ગીતઃ 'ઓચિતું કોઇ મને રસ્તે મળે ને પછી ધીમેથી પૂછે કે કેમ છે.'નું પઠન કરી માતૃભાષા ગુજરાતીનો મહિમા ગાવાની ઉજવણી— કાર્યક્રમ વિશે પોતાનો આનંદ પ્રગટ કર્યો હતો.

માતૃભાષા ઉજવણી કાર્યક્રમના સમાપનમાં રાષ્ટ્રગીતનું ગાયન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના આસિ.પ્રોફેસર દિનુભાઇ ચુડાસમાએ કર્યું હતું.









## "ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાની ખાતરી સિસ્ટમઃ કલ્પના, પ્રક્રિયા અને દ્રષ્ટિકોણ"

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત યુનિવર્સિટીમાં "ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાયુક્ત સિસ્ટમઃ કન્સેપ્ટ, પ્રક્રિયા અને દ્રષ્ટિકોણ" વિષય પર ત્રણ દિવસીય વર્કશોપ યોજાયો હતો. આ એક સીઈએમસીએ પ્રાયોજિત વર્કશોપ હતો જ્યાં પ્રોફેસર વી. વેંકૈયા, ડિરેક્ટર, સેન્ટર ફોર એજ્યુકેશન ટેક્નોલોજી  એન્ડ લર્નિંગ સાયન્સ, રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ નોલેજ ટેકનોલોજીઓ, આંધ્રપ્રદેશ, યુનિવર્સિટી સભ્યોને રાષ્ટ્રીય આકારણી અને માન્યતા પરિષદની કાર્યવાહી અંગે માર્ગદર્શન  આપ્યું હતું.









## "તેજતૃષા- (સ્પોર્ટ્સ) સિઝન- ૨"

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં રહેલી સર્વાંગી શક્તિઓને ખીલવવાની તક પૂરી પાડી શકાય તે હેતુથી તા.૧ માર્ચ, ૨૦૨૦ના રોજ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે 'તેજતૃષા- (સ્પોર્ટ્સ) સિઝન- ૨' તેમજ ડાન્સ અને ડ્રામા માટેની કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી આવેલ વિદ્યાર્થીઓમાંથી વિવિધ ગેઈમ્સમા ૧૦૦૧ જેટલા રજીસ્ટ્રેશન અને કાર્યશાળામાં ૮૮ સ્પર્ધકોએ રજીસ્ટ્રેશન કરાવેલ હતુ. સૌ એ વિવિધ સ્પર્ધાઓ અને કાર્યશાળામાં ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને દીપાવ્યો. 'તેજતૃષા- (સ્પોર્ટ્સ) સિઝન- ૨' તેમજ નાટક અને ડાન્સ કાર્યશાળા અન્વયે સાંજે ૪.૦૦ કલાકે ઈનામ વિતરણ તેમજ સમાપન સમારોહનું આયોજન થયું. નાટય કાર્યશાળામાં જાણીતા નાટયવિદો શ્રી અર્ચન ત્રિવેદી (થીયેટર અને ફિલ્મ એક્ટર), શ્રી હરીશ વ્યાસ (પૂર્વ અધ્યક્ષ, નાટય વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી), શ્રી વિરલ રાજ (એક્ટર અને દિગ્દર્શક)એ માર્ગદર્શિત કર્યા તથા નૃત્ય કાર્યશાળામાં શ્રી નીલિમા મહેતા (કથક નિષ્ણાંત), શ્રી બિજોય આનંદ શિવરામ (કુચ્ચીપુડી અને ભરતનાટ્યમ નિષ્ણાંત) અને શ્રી (અંકુર) પરવેઝ પઠાણ (ફોક-ડાન્સ નિષ્ણાંત)એ તાલીમ આપી.

આ સમાપન અને ઈનામ વિતરણ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી તથા વિશેષ અતિથિ તરીકે સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. અર્જુનસિંહ રાણાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક વક્તવ્ય આપ્યું. યુનિવર્સિટીના સત્તામંડળના સભ્યોએ હાજર રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો. વિશેષ આમંત્રિતોએ વિદ્યાર્થીઓના ઉત્સાહને જોતાં આ ક્ષેત્રમાં રહેલી તકો વિષે પણ માર્ગદર્શન પૂરું પાડ્યું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં આ પ્રકારના ઉત્સાહવર્ધક કાર્યક્રમો થતા રહે તેવી શુભેચ્છાઓ સાથે આ ઈનામ વિતરણ કાર્યક્રમ આનંદભેર સંપન્ન થયો.


Open University


Drama"
on 2"
Dr.Arjunsinh Rana


Open University
Dance & Drama"
&
Season 2"
















"Tej Trusha - Season 2"
Sports Event
March, 2020



## નૃત્ય અને ડ્રામા વિષયક માર્ગદર્શન કાર્યક્રમ

થિયેટર અને ફિલ્મ અભિનેતા, શ્રી અર્ચન ત્રિવેદીએ, શ્રી નીલિમા મહેતા, શ્રી બિજોય આનંદ શર્મા, પ્રેક્ષાનું સંગઠન સ્થાપક, શ્રી (અંકુર) પરવેઝ પઠાણ કળાજગતના આ કલાકસબીઓને આમંત્રિત કરી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં એક દિવસીય પરર્ફોર્મિંગ આર્ટસ વિષયક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.









# ભારતીય બંધારણ : ભારતીય સંવિધાન અને સ્ત્રી સશક્તિકરણ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ઉપક્રમે તા. ૦૬/૦૩/૨૦૨૦ ના શુક્રવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના બોર્ડરૂમમાં યોજવામાં આવેલ. જેમાં 'ભારતીય સંવિધાન અને સ્ત્રી સશક્તિકરણ' વિષય પર જાણીતા સમાજકાર્યકર ડૉ. ભાવના જોશીપુરાના વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતુ. માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમીબહેન ઉપાધ્યાય , ડૉ. ભાવનાબહેન જોશીપુરા, ડૉ. આવાબહેન શુક્લા તેમજ ડૉ. પ્રિયાંકીબહેન વ્યાસએ નારીશક્તિના પ્રતીક તરીકે શુભહસ્તે દીપ પ્રાગટ્ય કર્યું હતું. અજવાળાનાં પર્યાય સમી બહેનો, ઉર્જામય સન્નારીઓથી ગૌતમ હોલ ભરાયો હતો. જેમાં નારીશક્તિ વિશે સંગોષ્ટિ થઈ હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. દીપ્તિબા ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વિચારમંચના આરંભમાં આમંત્રિત મહેમાનોને યુનિવર્સિટીનાં ખેસથી સંમાનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ડૉ. આવાબહેન શુક્લા (નિયામક –SS) દ્વારા મુખ્ય વક્તાશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ ડૉ. ભાવનાબેન જોશીપુરાએ ભારતીય સંવિધાનમાં સમાવિષ્ટ સ્ત્રીઓના મૂળભૂત અધિકારો, માનવાધિકારો અને સમાનતાના સિદ્ધાંતો વિશે અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતુ. આ ઉપરાંત તેમણે તેમના સમાજકાર્યને લગતા કેટલાંક અનુભવોની પણ ચર્ચા કરી. માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય એ અધ્યક્ષીય ઉદ્દબોધનમાં સ્ત્રીઓએ પોતાની જાતને જાગૃત કરવા બાબત તેમજ બંધારણમાં મળતા અધિકારો અને હકોની સમજણ આપી. આ કાર્યક્રમની પૂર્ણાહુતી ડૉ. ભાવનાબહેન જોશીપુરાના સ્લોગનથી અને ડૉ. પ્રિયાંકીબહેન વ્યાસના આભાર દર્શન દ્વારા કરવામાં આવી હતી. આંબેડકર યુનિવર્સિટીની તમામ બહેનોએ સમગ્ર કાર્યક્રમને આનંદપૂર્વક માણ્યો હતો.









# વર્તમાન સમયમાં સ્ત્રીની ભૂમિકા અને યોગદાન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં વિમેન્સ ડેવલોપમેન્ટ સેલ અંતર્ગત WDCનાં અધ્યક્ષશ્રી આવાબહેન શુકલાના માર્ગદર્શનમાં એક દિવસીય નેશનલ સેમીનાર " वर्त्तमान संदर्भ में स्त्री की भूमिका और योगदान : नारीत्वकी बदलती परिभाषा" આયોજન તા. ૧૧ માર્ચ ૨૦૨૦નાં રોજ કરવામાં આવ્યું હતું. ૮ માર્ચ ૨૦૨૦ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન' ની ઉજવણીના ઉપલક્ષ્યમાં આ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન સમારંભમાં નીચેના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

૧.પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય , માનનીય કુલપતિશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

૨.પ્રો. શશીકલા વંઝારી, માનનીય કુલપતિશ્રી, S.N.D.T. વિમેન્સ યુનિવર્સિટી – મુંબઈ

૩.શ્રીમતિ નયના સહસ્ત્રબુધ્ધે, ઓલ ઈન્ડિયા પ્રેસિડેન્ટ, સ્ત્રી ચેતના, નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ, ભારતીય સ્ત્રી શક્તિ.

૪.શ્રીમતિ શૈલેજા અંધારે, સેક્રેટરી, સ્ત્રી ચેતના.

૫.શ્રીમતિ વર્ષાબહેન દોશી, સભ્યશ્રી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

૬.ડૉ. દિવ્યાબહેન પટેલ, સભ્યશ્રી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

૭.ડૉ. આવા શુક્લા, કા. નિયામક(SS), અધ્યક્ષશ્રી WDC, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

સદર કાર્યક્રમમાં સ્ત્રીઓની પ્રાચીન યુગ, મધ્યયુગ, આધુનિક યુગમાં બદલાતી ભૂમિકા અને પરિવર્તન તથા તેના સ્થાન અંગે ગહન રજૂઆત કરવામાં આવી હતી. સમાજ, રાષ્ટ્ર અને "સ્વ" પ્રત્યેની સ્ત્રીની જવાબદારી અને ભૂમિકામાં આવેલ પરિવર્તન અને નારીની બદલાતી વ્યાખ્યા અંગે ચર્ચા થઈ હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો.ડૉ. અમીબહેન ઉપાધ્યાય દ્વારા સ્ત્રી સશક્તિકરણનો ખ્યાલ, સ્ત્રીની બદલાતી ભૂમિકા, સ્ત્રીઓનો સ્ત્રીઓ માટેનો અને સમાજનો સ્ત્રીઓ માટેનો દ્રષ્ટિકોણ કેવા પ્રકારનો છે તે અંગે અસરકારક રજૂઆત કરી હતી. સ્પીકરશ્રીઓનાં વ્યાખ્યાન બાદ પ્રશ્નોત્તરીનું આયોજન રાખવામાં આવ્યું હતું. જે રસપ્રદ રહ્યું હતું.






Prof. Ami Upadhyay


Smt. Shailaja Andhare













# ફોટો ગેલેરી


Dr. Babasaheb


Shree Mukesh Rathva
Member, BOM
Dr.Arjunsinh Rana


Dr.Arjunsinh Rana


















Dr. Babasaheb Ambedkar
Open University

Dr. Babasaheb Ambedkar
Open University

BAOU Education for All

SINCE 1994

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી – અમદાવાદ

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)















સંપાદકઃ
ડૉ. દિનુભાઈ ચુડાસમા

ટાઈપિંગઃ
હેમન્તભાઈ શાહ

ઓફસેટઃ
દર્શિતભાઈ શાહ

ફોટોગ્રાફીઃ ચૈતન્ય સ્ટુડિયો (BAOU)